"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat. India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં. તા: ૧૭/૦૪/૨૦૧૮

તંત્રીશ્રી, ______________________ સુરત

જાતનીચેનીપ્રેસનોટઆપનાદૈનિકમાંપ્રસિધ્ધકરીઆભારીકરશોજી.

લિ.

આપનોવિશ્વાસુ

નીલેશવિ. માંડલેવાળા, પ્રમુખ

---

**"જન્મ મળવો નસીબની વાત છે, મૃત્યુ મળવું એ સમયની વાત છે**
**પરંતુ મૃત્યું પામ્યા પછી કોઈકના હૃદયમાં જીવવું એ જીવનમાં કરેલ સદ્કાર્યોની વાત છે."**
**-બ્રેનડેડ પ્રવીણભાઈ બચુભાઈ ખૂંટના પરિવારજનો**

# સુરત માંથી ૧૦૦ માં લિવરનું દાન

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ પ્રવીણભાઈ બચુભાઈ ખૂંટના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: પ્રવીણભાઈ બચુભાઈ ખૂંટ ઉ. વ. ૪૫ બ્લડગ્રુપ: O+ve

વ્યવસાય: કીમમાં આવેલ NDR નામની વિવિંગ ફેકટરીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી: ૧૩, સ્વાગત સોસાયટી, તપોવન સ્કુલની બાજુમાં, મુળદ, કીમ.

કૌટુંબિક વિગત: પત્ની: વર્ષાબેન પ્રવીણભાઈ ખૂંટ ઉ.વ. ૪૦

પુત્ર: અભી પ્રવીણભાઈ ખૂંટ ઉ.વ. ૧૭

કીમમાં આવેલ કોલેજમાં એફ. વાય. બી.કોમ માં અભ્યાસ કરે છે.

પુત્રી: તૃશાલી પ્રવીણભાઈ ખૂંટ ઉ.વ. ૧૪

કીમમાં આવેલ તપોવન સ્કુલમાં ધોરણ ૯માં અભ્યાસ કરે છે.

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98241 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

શુક્રવાર તા: 13 એપ્રિલના રોજ પ્રવીણભાઈ આશરે ૫:૩૦ કલાકે કોસંબાથી બાઈક ઉપર પોતાના ઘર તરફ કીમ આવી રહ્યા હતા ત્યારે મોટી નરોલી, સરોવર હોટલની સામે એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં બાઈક ઉપરથી નીચે પડી જતાં માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા.

તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં કામરેજમાં આવેલ દીનબંધુ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા અને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરતની યુનિક હોસ્પીટલમાં સાંજે ૬:૦૦ કલાકે દાખલ કરવામાં આવ્યા.

નિદાન માટે CT સ્કેન કરવાતા બ્રેઈન હેમરેજને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનુંતેમજ મગજ પર સોજો હોવાનું  નિદાન થયું હતું.

ત્યારબાદ ૧૪ એપ્રિલના રોજ પ્રવીણભાઈને વધુ સારવાર માટે યુનિક હોસ્પીટલમાંથી શેલ્બી હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. જીગર શાહની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

સોમવાર તા:૧૬ એપ્રિલના રોજન્યુરોસર્જન ડૉ. જીગર શાહ, ન્યુરોફીજીશયન ડૉ. રોશન પટેલ,ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મિલન મોદીએ પ્રવીણભાઈને બ્રેનડેડજાહેર કર્યા.

ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મિલન મોદીએ ડોનેટલાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પ્રવીણભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટલાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી પ્રવીણભાઈના પત્ની વર્ષાબેન, ભાઈ હસમુખભાઈ, સાળા પરેશભાઈ, પિતરાઈ ભાઈ પ્રફુલભાઈ, ધનજીભાઈ રૈયાણી અને પરિવારના અન્ય સભ્યોનેઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વસમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેમના અંતિમ સંસ્કાર કરીને એમના અંગો બળીને રાખ થઇ જાય એના કરતાં તેમના અંગોના દાન થકી કોઈકના લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. વધુમાં તેઓએ જણાવ્યું કે તેઓ વારંવાર વર્તમાનપત્રોમાં અંગદાન અંગેના સમાચારો વાંચતા હતા તેથી તેઓએ વિચાર્યું કે આ એક ઉત્તમદાન તેમજ ઈશ્વરીય કાર્ય છે. તેઓએ જણાવ્યું કે "જન્મ મળવો નસીબની વાત છે, મૃત્યુ મળવું એ સમયની વાત છે પરંતુ મૃત્યું પામ્યા પછી કોઈકના હૃદયમાં જીવવું એ જીવનમાં કરેલ સદ્કાર્યોની વાત છે."

3...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E 7652 Dt. 04-12-2014

**DONATE LIFE™**
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા જણાવ્યું. અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ગોધરાનાં રહેવાસી દક્ષાબેન હર્ષદભાઈ વાઘેલા ઉ.વ. ૩૬ અને બીજી કિડની ખેડાના રહેવાસી લાલજીભાઈ સેંઢાભાઈ ઠાકોર ઉ. વ. ૩૮માં, જયારે લિવરનું ટ્રાન્સપ્લાન્ટ રાજકોટના રહેવાસી અરવિંદ હીરાભાઈ પરમાર ઉ.વ. ૫૦માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યુ છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં પ્રવીણભાઈના પત્ની વર્ષાબેન, પુત્ર અભી, ભાઈ હસમુખ, સાળા પરેશ, પિતરાઈભાઈ પ્રફુલ, ધનજીભાઈ રૈયાણી તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. જીગર શાહ, ન્યુરોફીજીશ્યન ડૉ. રોશન પટેલ, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મિલન મોદી, શેલ્બી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટલાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, સુભાષ જોધાણી અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૪૭ કિડની, ૧૦૦ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૧૦ ચક્ષુઓના દાન મેળવીને ૫૭૭ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.